# દિલ્હીમાં વિજળીના દરમાં ૫૦ ટકા કાપ

## દરેક પરિવારને મહિને ૨૦૦૦૦ લીટર પાણી મફત : મુખ્યમંત્રી કેજરીવાલના નેતૃત્વમાં કેબિનેટ બેઠકમાં મહત્વનો નિર્ણય

નવી દિલ્હી,તા. ૨૫

ચૂંટણી વચનોને પાળીને એએપીની સરકારે આજે વિજ ટેરિફમાં ઘટાડાની જાહેરાત કરી હતી. વિજળીના દરમાં ૫૦ ટકા કાપની જાહેરાત કરી હતી જ્યારે મફત પાણી માટે પણ જાહેરાત કરવામાં આવી હતી. જેના ભાગરુપે ૨૦૦૦૦ લીટર મફત પાણીની પણ જાહેરાત કરવામાં આવી છે. પત્રકાર પરિષદમાં દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું હતું કે, દર મહિને ૪૦૦ યુનિટ સુધી વિજળીનો ઉપયોગ કરનાર પરિવારને અડધી કિંમતે આ વિજળી મળશે. જ્યારે દર મહિને ૪૦૦ યુનિટથી વધુ ઉપયોગ કરનાર દરેક પરિવારને મહિને સમગ્ર બિલની ચુકવણી કરવી પડશે. ૪૦૦ યુનિટથી ઓછી વિજળીનો વપરાશ કરનારનું બિલ અડધુ થશે. પહેલી માર્ચથી નવા દર અમલી બનાવવામાં આવશે. સિસોદિયાએ કહ્યું હતું કે, વિજળી દરમાં ઘટાડાથી દિલ્હીમાં ૯૦ ટકા પરિવારોને રાહત થશે. દિલ્હી સરકાર દરેક પરિવારને ૨૦૦૦૦ લીટર મફત પાણી આપશે. તેના ચૂંટણી ઢંઢેરામાં એએપીએ ૫૦ ટકા વિજ કાપની જાહેરાત કરી હતી. આ વચન હવે પાળવામાં આવી રહ્યું છે. અગાઉ દિવસમાં ઘટનાક્રમનો દોર ચાલ્યો હતો. પત્રકારો સાથે વાતચીત કરતા મનિષ સિસોદિયાએ કહ્યું હતું કે, દિલ્હી સરકાર લોકોને રાહત મળે



તેવા પગલા લઇ રહી છે. આ ઉપરાંત દિલ્હી જળબોર્ડ ૧૯૧૬ નંબરની હેલ્પલાઈન પણ ધરાવે છે જેના પર લોકો તેમની ફરિયાદ નોંધાવી શકે છે. ગયા સપ્તાહમાં કેજરીવાલે કહ્યું હતું કે, તેમની સરકાર વિજળીના દરોમાં કાપ મુકશે અને લોકોને સારા સમાચાર જાણવા મળશે. સત્તામાં આવ્યા બાદ તરત જ કાપ મુકવાની જાહેરાત કરાઈ હતી. કેગના ઓડિટના તારણ પર રેટ નક્કી કરવામાં આવશે. અગાઉની એએપી સરકારે મફત પાણીની યોજના શરૂ કરી હતી પરંતુ થોડાક સમય બાદ તેને બંધ કરવામાં આવી હતી. કેજરીવાલની સરકાર હવે ઝડપથી આગળ વધી રહી છે. કેજરીવાલ દ્વારા આવનાર દિવસોમાં વધુ કેટલીક જાહેરાતો કરવામાં આવે તેવી શક્યતાઓ પણ દેખાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં યોજાયેલી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં એએપીએ જોરદાર સપાટો બોલાવ્યો હતો અને ૭૦ પૈકીની ૬૭ બેઠકો જીતી લીધી હતી. ભાજપને માત્ર ત્રણ બેઠકો મળી હતી. આ પ્રકારના ચૂંટણી પરિણામથી ભાજપમાં પણ સોપો પડી ગયો હતો. જંગી બહુમતિ સાથે દિલ્હીમાં એએપીની સરકાર આવી ચુકી છે અને એક પછી એક પગલા લેવાની શરૂઆત કરી ચુકી છે. આજે યોજાયેલી કેબિનેટ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી કેજરીવાલના નેતૃત્વમાં બેઠક યોજાઈ હતી.

**ભાજપ અને શિવસેનાના કોંગ્રેસ પર પ્રહાર**

## રાહુલ ઉત્તરાખંડમાં હોવાના દાવાને કોંગ્રેસનો અંતે રદિયો

નવીદિલ્હી, તા. ૨૫

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી ક્યા છે તેને લઈને ચાલી રહેલી અટકળો આજે પણ જારી રહી હતી. પરંતુ કોંગ્રેસના નેતા જગદીશ શર્માએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી હાલમાં ઉત્તરાખંડમાં છે. જો કે, રાહુલ ગાંધીની ઓફિસે જગદીશ શર્માના દાવાને રદિયો આપ્યો હતો. રાહુલ ગાંધીની કચેરી તરફથી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, મિડિયા દ્વારા અટકળો કરવામાં આવી રહી છે. જગદીશ શર્માના દાવાને લઈને રાહુલ ગાંધીની ઓફિસે કોઇ વાત કરી ન હતી. કોંગ્રેસના નેતા જગદીશ શર્માએ અગાઉ કહ્યું હતું કે, આત્મમંથન કરવા બે સપ્તાહની રજા ઉપર ઉતરી ગયેલા રાહુલ ગાંધી ઉત્તરાખંડમાં રોકાયેલા છે. કોંગ્રેસની સ્થિતિને કઇ રીતે સુધારી શકાય છે તે સંદર્ભમાં રાહુલ ગાંધી હાલમાં આત્મમંથન કરી રહ્યા છે. પોતાના દાવાને ટેકો આપવાના સંદર્ભમાં જગદીશ શર્માએ ટ્વિટર ઉપર રાહુલ ગાંધીના ફોટાઓ પણ જારી કર્યા હતા. જગદીશ શર્માએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી બેંગકોક જતા રહ્યા છે તેવા બિનજરૂરી અહેવાલો આવી રહ્યા છે જેથી તેઓ આ અહેવાલને ખોટા જાહેર કરવા ફોટા આપી રહ્યા છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજયસિંહ સહિતના ઘણા લોકો રાહુલની રજાને લઈને વાત કરી ચુક્યા છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી સિંહે ટ્વિટર ઉપર કહ્યું છે કે, જો રાહુલ ગાંધી હાલમાં પક્ષ સાથે ખોટું શુ થયું છે તેમાં અભ્યાસ કરવા રજા પર છે તો ખોટું શું છે. દરેક વ્યક્તિને થોડિક શાંતિની જરૂર રહે છે. સમય સાથે જ આમા સુધારો થઈ શકે છે. બીજી બાજુ ભાજપ અને શિવસેનાએ રાહુલ અને કોંગ્રેસની ઝાટકણી કાઢી છે. કોંગ્રેસમાં હતાશાનો માહોલ હોવાની ભાજપે વાત કરી છે. કોંગ્રેસના સભ્યો દાવો કરી રહ્યા છે કે, કોઇ નેતા બ્રેક લઇ લે તેમાં કંઈ પણ ખોટું નથી.

## રેલવે બજેટ : કેટરીંગ સેવાને વધુ સારી બનાવવાની તૈયારી

નવી દિલ્હી,તા. ૨૫

રેલવે પ્રધાન સુરેશ પ્રભુ આવતીકાલે ૨૬મી ફેબ્રુઆરીના દિવસે તેમના પ્રથમ રેલવે બજેટમાં કેટરીંગ સર્વિસ ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરે તેવી શક્યતા છે. કારણ કે હાલમાં કેટરીંગ સર્વિસને લઈને વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે આવી સ્થિતિમાં ભોજનની સ્થિતિને સુધારવા માટે પગલાં લેવામાં આવશે. ડીઝલની કિંમતમાં હાલમાં વધારો કરવામાં આવ્યા બાદ રેલવે મુશ્કેલ તબક્કામાંથી બહાર નીકળી રહ્યું છે. રેલવે બજેટમાં કેટરીંગ સર્વિસ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા માટે ઘણા કારણો જવાબદાર છે. કારણ કે આના કારણે રેલવેની પ્રતિષ્ઠાને માઠી અસર થઈ છે. રેલવેમાં મુસાફરી કરતા લોકો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી છે કે રેલવે સ્ટેશન અને ટ્રેનોમાં ભોજનની જે ગુણવત્તા છે તેમાં સુધારો કરવામાં આવે તે જરૂરી છે. રેલવેને વૈશ્વિક સ્તરની સુવિધાથી સજ્જ બનાવવા માટે પગલાંઓની જાહેરાત થઈ શકે છે. સ્ટેશન ઉપર સ્વસ્થતામાં પણ ધ્યાન અપાશે. મે મહિનામાં કેન્દ્રમાં સત્તામાં આવેલી મોદી સરકાર રેલવે બજેટમાં સામાન્ય પ્રવાસીઓને વધુ રાહત આપવા માટે તૈયાર છે. જુદી જુદી ટ્રેનોમાં યાત્રીઓને આપવામાં આવતા ભોજનને લઈને સતત ફરિયાદ થઈ રહી છે. નવી ટેકનલોજીનો ઉપયોગ કરીને યાત્રીઓને તેમની પસંદગીના ભોજન મળી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી શકે છે. આના માટે એસએમએસ સુવિધાનો ઉપયોગ કરવામાં આવી શકે છે. રેલવે પ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ સુરેશ પ્રભુ છેલ્લા કેટલાક સમયથી રેલવે બજેટની તૈયારીમા લાગેલા હતા.

## રાહુલ વગર કોંગીની મેગા રેલી : હજારો લોકો જોડાયા

નવીદિલ્હી, તા. ૨૫

ભાજપ સરકારના જમીન અધિગ્રહણ વટહુકમનો વિરોધ કરીને જંતરમંતર ખાતે કોંગ્રેસ પાર્ટીએ આજે મેગારેલીનું આયોજન કર્યું હતું. આ રેલીનું નામ જમીન વાપસી આંદોલન રાખવામાં આવ્યું છે. ૧૦૦૦થી વધુ ખેડૂતો આ વિરોધમાં જોડાયા હતા. આનું નેતૃત્વ પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધીની ગેરહાજરીમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ કર્યું હતું. રેલીમાં સોનિયા ગાંધી પણ ઉપસ્થિત રહ્યા ન હતા. ઉપસ્થિત લોકોને સંબોધતા દિગ્વિજયસિંહે કહ્યું હતું કે, ખેડૂતો એક બાજુ દેખાઈ રહ્યા છે જ્યારે ઉદ્યોગપતિઓ બીજી બાજુ દેખાઈ રહ્યા છે. તેમની સાથે કોણ છે તે અંગે નિર્ણય લેવાનું કામ લોકોનું છે. એનડીએ સરકાર ખેડૂતો સાથે વિશ્વાસઘાત કરી રહી છે. વડાપ્રધાન મોદીએ ઘણા વચનો આપ્યા હતા જે પૈકી હજુ સુધી કોઈ વચન પાળવામાં આવ્યા નથી. વટહુકમનો વિરોધ કરતા કોંગ્રેસના નેતા કમલનાથે કહ્યું હતું કે, આ વટહુકમ ખેડૂતોને લઈને ગેરવાજબી છે. ભાજપે તેનું વલણ બદલી નાંખ્યું છે. આનો વિરોધ થઇ રહ્યો છે. કોંગ્રેસના અન્ય વરિષ્ઠ નેતા અહેમદ પટેલે કહ્યું હતું કે, આ વિરોધને દરેક ગામમાં લઈ જવામાં આવશે. વટહુકમને લઈને જુદા જુદા વર્ગોમાં વિરોધની શરૂઆત થઈ ચુકી છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગઈકાલે અણ્ણા હઝારેના વિરોધમાં સામેલ થઈને કેન્દ્રનો વિરોધ કર્યો હતો. અણ્ણા કહી ચુક્યા છે કે આ આંદોલન ખેડૂત વિરોધી છે. જમીન અધિગ્રહણ વટહુકમ ખેડૂત વિરોધી અને ગરીબ વિરોધી હોવાની વાત કેજરીવાલ કરી ચુક્યા છે. સરકાર મોટા કોર્પોરેટ માટે પ્રોપર્ટી ડિલર તરીકે કામ કરી રહી છે. અણ્ણા પણ આને લઈને મેદાનમાં ઉતરી ચુક્યા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી વટહુકમનો વિરોધ કરી ચુક્યા છે. આને તરત પરત ખેંચવાની માંગ પણ કરી ચુક્યા છે.

# અનેક અપેક્ષાની વચ્ચે આજે રેલવે બજેટ

નવી દિલ્હી,તા. ૨૫

રેલવે પ્રધાન સુરેશ પ્રભુ સ્થિતીને સુધારાવા અને રેલવેને વધારે લોકલક્ષી બનાવવાના હેતુથી આવતીકાલે ગુરૂવારે રેલવે બજેટ રજૂ કરનાર છે. રેલવે બજેટમાં યાત્રી ભાડા અને નુરના દરમાં કોઈ વધારો કરાય તેવી શક્યતા નહીવત છે. કારણ કે પેસેન્જર ગ્રોથ નેગેટિવ છે. સાથે સાથે નુરની સ્થિતી પણ અપેક્ષા મુજબ રહી નથી. પરંતુ નવી ટ્રેનો, નવી રેલવે લાઈનો, નવા સર્વેની જાહેરાત કરે તેવી શક્યતા છે. રોકડ કટોકટીમાંથી બહાર નિકળવાના હેતુસર કેટલીક જાહેરાત થઈ શકે છે. ઘણા અટવાઈ પડેલા પ્રોજેક્ટને રદ કરવામાં આવે તેવી શક્યતા છે. સાથે સાથે હાલમાં પ્રાથમિકતાના પ્રોજેક્ટોને ઝડપછથી પૂર્ણ કરવાની જાહેરાત કરવામાં આવી શકે છે. સુત્રોએ કહ્યું છે કે તત્કાલ અને પ્રિમિયમ ટ્રેનોના ભાડામાં ફેરફાર કરવામાં આવી શકે છે. રેલવે બજેટમાં પ્રાથમિકતાના આધાર પર કેટલાક નવા પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી શકે છે. ધાર્મિક સ્થળોને જોડતી સર્વિસ અને આ સ્ટેશનનો સુધી નવી ટ્રેનની જાહેરાત કરવામાં આવી શકે છે. રેલવે બજેટમાં હાઈસ્પીડ ટ્રેનની જાહેરાતની પણ શક્યતા છે. બજેટ બનાવવાની પ્રક્રિયામાં રહેલા એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે કોઈ પણ પ્રકારના ભાડામાં વધારો કરવાની હાલમાં સ્થિતી નથી. પરિબળો સાનુકુળ દેખાઈ રહ્યા નથી. શનિવારના દિવસે રજૂ કરવામાં આવનાર બજેટ પહેલા પ્રભુ પોતાના બજેટને લોકલક્ષી બનાવી શકે છે. ડબ્બાઓની ક્ષમતા વધારવાની પણ જાહેરાત થશે. બજેટમાં પાર્સલ ટર્મિનલ માટે પણ કેટલીક જાહેરાત કરવામાં આવી શકે છે. રેલવે બજેટમાં જુદા જુદા રાજ્યો અનેક નવી ટ્રેનની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ ગુજરાત માટે કેટલી જાહેરાત કરવામાં આવે છે તે બાબત મહત્વૂપર્ણ રહેશે.યાત્રી ભાડા અને નૂરના દરમાં હવે કોઈ વધારો કરવામાં આવે તેવી શક્યતા નથી. જો કે વધારાના સંશાધનો ઉભા કરવા



માટે કેટલાક નવા પગલાની જાહેરાત થઈ શકે છે. રેલવે બજેટમાં યાત્રીઓની સુવિધા વધારવા સાથે સંબંધિત શ્રેણીબદ્ધ નવી જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. રેલવે મંત્રાલય આગામી રેલવે બજેટમાં યાત્રીઓની સુરક્ષા વધારવાના પગલા હેતુ રેલવે ટ્રેકની સાથે સાથે આ વખતે એક્સરે સિસ્ટમ સ્થાપિત કરવાની દરખાસ્ત રજૂ કરે તેવી શક્યતા છે.

આ નવી સિસ્ટમ મારફતે ટ્રેનમાં ખરાબ થયેલા અને બગડી ગયેલા પાર્ટ અંગે માહિતી મળી શકશે. લાંબા સમયથી પેન્ડિગ રહેલા આરપીએફ જવાનો માટે એક નવી ટ્રેનિંગ એકેડમીની દરખાસ્તને પણ રેલવે બજેટમાં સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર પ્રથમ સંપૂર્ણ રેલવે બજેટ રજૂ કરવા જઇ રહી છે. રેલવેના સુત્રોના કહ્યું છે કે ટ્રેકસાઇડ એક્સરે સિસ્ટમ કેટલાક સ્થળો પર ટ્રેકની સાથે સ્થાપિત કરાશે. આનાથી એન્જિન, કોચ અને ડબ્બામાં પાર્ટમાં રહેલી ખરાબીને જાણી શકાશે. આ એક્સરે સિસ્ટમ બિયરિંગ, ટાયર અને બ્રેક ડિસ્ક વધારે ગરમ થવાના મામલે પણ માહિતી મેળવી શકશે. રેલવે મંત્રાલયની મોટી જવાબદારી સંભાળી લીધા બાદ પ્રભુ હમેંશા કહેતા આવ્યા છે કે યાત્રીઓની સુરક્ષાને વધારવાને તેઓ પ્રાથમિકતા આપશે. માનવરહિત ક્રોસિંગને તબક્કાવાર રીતે દુર કરવાની તેની મુખ્ય ભલામણ છે. પ્રભુના પ્રથમ બજેટમાં આની જાહેરાત પણ કરવામાં આવી શકે છે. દેશમાં આશરે ૧૨૦૦૦ માનવરહિત ક્રોસિંગ છે. જ્યાં સૌથી વધારે દુર્ઘટના થાય છે. આ સ્થળો પર રેલવે અકસ્માતો પૈકી ૪૦ ટકા અકસ્માત થાય છે. રેલવે પ્રધાન રેલવેને કટોકટીમાંથી બહાર કાઢવાના હેતુ સાથે બજેટ રજૂ કરનાર છે. મોદી સરકારના રેલવે બજેટમાં લોકોને ખુબ અપેક્ષા છે.સરકારે ગયા વર્ષે જુનમાં યાત્રી ભાડામાં વધારો કર્યો હતો. તે વખતે પેસેન્જર ભાડામાં ૧૪.૨ ટકા અને નુરના દરમાં ૬.૫ ટકાનો જંગી વધારો કરવામાં આવ્યો હતો. હવે ડીઝલના ભાવ ઓછા હોવાના કારણે સરકારની પાસે ભાડા વધારવા માટે કારણ નથી.

## જમીન અધિગ્રહણમાં સુધારા સામે અણ્ણાનું આંદોલન વધુ તીવ્ર

નવી દિલ્હી,તા. ૨૫

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હઝારેએ જમીન અધિગ્રહણ કાયદામાં સુધારા સામે મેદાનમાં ઉતરીને મોદી સરકાર ઉપર આક્ષેપોનો મારો જારી રાખ્યો છે. જમીન અધિગ્રહણ કાયદામાં સુધારા સામે આંદોલન ચલાવી રહેલા અણ્ણાએ આજે સરકારના એવા દાવાને રદિયો આપ્યો હતો કે, આ કાયદામાં સુધારા વધુ અસરકારક અને ખેડૂતલક્ષી છે. તેમણે કહ્યું હતું કે, લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ થઈ રહ્યા છે. હઝારેએ કહ્યું હતું કે, ભાજપ સરકરા કાળા નાણાના મુદ્દે, વિજળીના વિકેન્દ્રીકરણના મુદ્દે લોકોને ગેરમાર્ગે દોરી રહી છે. ગાંધીવાદી નેતાએ કહ્યું છે કે, જો સરકાર માંગણી સમક્ષ ઝુંકશે નહીં તો દેશભરમાં જેલભરો આંદોલન ચલાવવામાં આવશે. અગાઉની યુપીએ સરકાર સામે પણ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન અણ્ણા ચલાવી ચુક્યા છે. તેમની સામે તેમના આંદોલનના



પરિણામ સ્વરુપે મહારાષ્ટ્રમાં છ કેબિનેટ પ્રધાનોએ રાજીનામા આપ્યા હતા. અણ્ણાએ આજે કહ્યું હતું કે, સરકાર ખેડૂતોને લઈને નહીં બલ્કે ઉદ્યોગપતિઓને લઈને વધારે ચિંતિત છે. દેશના લોકો જાગી ગયા છે. આ લોકો સિંચાઈની જમીન મેળવશે અને ઉદ્યોગપતિઓને આપી રહ્યા છે જેથી તેમની સામે આંદોલનની જરૂર છે. વિરોધ બાદ કૃષિ કાર્યકરોને અણ્ણાએ આ મુજબની વાત કરી હતી. હઝારેએ એમ પણ કહ્યું હતું કે, વટહુકમમાં ઘણી બધી એવી બાબતો છે જે ખેડૂતના તરફેણમાં નથી. ખેડૂતોની ૭૦ ટકા મંજુરીની વાત પણ કરવામાં આવી નથી. નવા કાયદા મુજબ જો ખેડૂતની જમીન મેળવવામાં આવે છે તો તે સરકારની પરવાનગી વગર કોર્ટમાં જઇ શકશે નહીં. કોર્ટમાં જવાની બાબત દરેક વ્યક્તિગતનો મૂળભુત અધિકાર છે.

રાષ્ટ્રીય સ્તરે પગલા અંગે નિર્ણય લેવા તેઓ ૮થી ૧૦ લોકોની કમિટિ બનાવશે. ભાવિ પગલા અંગે નિર્ણય લેવાયા બાદ જેલભરો આંદોલન શરૂ કરવામાં આવશે. ત્યારબાદ જ માંગણીને તીવ્ર બનાવવામાં આવશે. સરકાર હાલમાં સત્તાના પ્રભુત્વ હેઠળ છે. તેને યોગ્ય જગ્યા બતાવી દેવાની જરૂર છે. અણ્ણાએ કહ્યું હતું કે, લોકો આક્રમક વલણ અપનાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપ સંસંદીય બોર્ડની બેઠકમાં ગઈકાલે જ વડાપ્રધાન કહી ચુક્યા છે કે, ખેડૂતોને વધુ લાભ થશે. સરકાર દ્વારા લવાયેલા સુધારા નિષ્ણાતોના સૂચન પર આધારિત છે. મોદી ઉપર પ્રહાર કરતા અણ્ણાએ કહ્યું છે કે, વિજળીના વિકેન્દ્રીકરણનું વચન અપાયું હતું. સરકાર ગ્રામ સભાને દબાવી દેવાના પ્રયાસ પણ કરી રહી છે. લોકોની સંસદ દેશની સંસદ કરતા મોટી છે. કાળા નાણાને દેશમાં પરત લવાશે અને દરેક બેંક ખાતા ધારકને ૧૫ લાખ રૂપિયા મળશે પરંતુ લોકોને નવ મહિના બાદ પણ ૧૫ રૂપિયા મળ્યા નથી.

## મોદીના સ્વચ્છ ભારતના સ્વપ્રને ધ્યાનમાં લેવાશે જ

નવી દિલ્હી,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારતના સ્વપ્નને પૂર્ણ કરવાની દિશામાં પણ રેલવે પ્રધાન સુરેશ પ્રભુ કેટલાક પગલા જાહેર કરી શકે છે. પ્રભુ આ સેક્ટરને વધુ સ્વચ્છ બનાવવા અને જાળવણી માટે નક્કર પગલા લેવામાં આવી શકે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે પુરતી સંખ્યામાં ટ્રેનોમાં હજુ સુધી બાયો ટોઈલેટ વધારવા માટે પણ પગલા લેવામાં આવ્યા નથી. ટ્રેક અને પ્લેટફોર્મ પર હજુ પણ વ્યાપક ગંદગી જોવા મળે છે. એવી અપેક્ષા છે કે સરકાર વ્યાપક પગલા બજેટમાં હાઈજીન, સ્વચ્છતા અને સેનિટેશનના સંબંધમાં જાહેર કરી શકેછે. સરકાર બજેટ રજૂ કરતી વિવિધ પગલાની જાહેરાત કરી શકે છે. રેલવેમાં સુરક્ષાના અતિ મહત્વના પાસા પર પણ વધારે ધ્યાન આપવામાં આવ્યુ નથી. જેથી સરકારને રેલવેમાં સુરક્ષાની ખાતરી કરવા માટે વધારે પહેલ કરવામાં આવે તે જરૂરી છે. આરપીએફના જવાનોની જગ્યાને ભરવા માટે તાત્કાલિક પગલા લેવામાં આવે તે જરૂરી છે. રેલવેમાં એફડીઆઈને મહત્વ આપવામાં આવી શકે છે.

ગયા વર્ષે ઓગષ્ટ મહિનામાં કેબિનેટે ભારતીય રેલવેમાં વિદેશી રોકાણને મહત્વ આપવાની વાત કરવામાં આવી હતી. હાઇ સ્પીડ ટ્રેન સિસ્ટમ, ઉપનગરીય કોરિડોર અને પીપીપી મોડમાં ડેડીકેટેડ નુર લાઈન પ્રોજેક્ટો અમલી બનાવવા માટે નવી રજૂઆત કરવામાં આવી ચુકી છે. સુરેશ પ્રભુ સામે નવા પડકારો પણ રહેલા છે.

## પ્રદિપ જૈન હત્યા કેસમાં ગેંગસ્ટર અબુ સાલેમને આજીવન કારાવાસ

મુંબઈ, તા. ૨૫

મુંબઈની ખાસ ટાડા અદાલતે આજે વર્ષ ૧૯૯૫ના બિલ્ડર પ્રદિપ જૈન હત્યા કેસમાં ગેંગસ્ટર અબુ સાલેમને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. તેના પૂર્વ ડ્રાયવર મહેંદી હસનને પણ આજીવન કારાવાસની સજા કરાઈ હતી. ૧૯૯૫ના આ કેસમાં બંનેને અપરાધી ઠેરવવામાં આવ્યાના એક સપ્તાહ બાદ સજા ફટકારવામાં આવી છે. બિલ્ડર વીકે જામ્બોને કસ્ટડીમાં



લેવામાં આવશે નહીં. કારણ કે તેમની જેલની અવધિને લઈને દુવિધા ઉભી થઈ છે. તેઓ જેલમાં પહેલાથી જ સમય ગાળી ચુક્યા છે. તેઓ કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. છેલ્લા સપ્તાહથી પ્રોસીક્યુશન અને ડિફેન્સ દ્વારા જોરદાર દલીલો કરવામાં આવી રહી હતી. શરૂઆતમાં સાલેમ અને હસન બંને માટે મૃત્યુદંડની માંગણી કરવામાં આવી હતી. અબુ સાલેમ ટાડા હેઠળ અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે છે. પબ્લિક પ્રોસીક્યુટર ઉજજવલ નિકમે કહ્યું છે કે, આ ચુકાદો દાઉદ ઈબ્રાહિમ ગેંગને મોટો ફટકો છે. અગાઉ મુંબઈની ટાડા અદાલતે ૧૬મી ફેબ્રુઆરીના દિવસે વર્ષ ૧૯૯૫ના પ્રદિપ જૈન હત્યા કેસમાં પ્રત્યાર્પણ કરીને ભારત લાવવામાં આવેલા ગેંગસ્ટર અબુ સામેલને અપરાધી ઠેરવ્યો હતો. ખાસ ટ્રાયલ જજે અબુ સામેલની ટ્રાયલ પરિપૂર્ણ કરી લીધી હતી. આ ઉપરાંત મહેંદી હસન અને બિલ્ડર વિરેન્દ્રની ટ્રાયલની પ્રક્રિયા પુરી કરી લેવામાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ ગેંગસ્ટર અબુ સાલેમે સંપત્તિ વિવાદના મામલે જૈનની હત્યા કરાવી હતી.

મુંબઈ સ્થિત બિલ્ડર પ્રદિપ જૈનને ૭મી માર્ચ ૧૯૯૫ના દિવસે તેમના જુહુ બંગલાની બહાર ઠાર મારી દેવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપી નમીમ ખાન તાજના સાક્ષી બની ગયા હતા. આ કેસમાં અન્ય એક આરોપી રિયાઝ સિદીકીએ તેમનું નિવેદન પાછુ ખેંચી લીધું હતું. અબુ સાલેમ અને અન્ય આરોપીઓએ આ કેસમાં તેમની ભૂમિકા હોવાનો ઈન્કાર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૯૯૩માં મુંબઈ સિરિયલ બ્લાસ્ટમાં આરોપી અબુ સાલેમને ૧૧મી નવેમ્બર ૨૦૦૫ના દિવસે પ્રત્યાર્પણ મારફતે ભારત લાવવામાં આવ્યો હતો. ઘણી શરતો સાથે તેને ભારત લવાયો હતો. લાંબી કાયદાકીય લડત અબુ સાલેમના મામલે ભારતે પોર્ટુગલમાં ચલાવી હતી. અંતે ભારતને સફળતા મળી હતી. ત્યારબાદથી અબુ સાલેમ જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ છે.

## એચ-૧બી વિઝા ધારકોના પત્નિને વર્ક પરમિટ મળશે

વોશિંગ્ટન,તા.૨૫

અમેરિકાએ જાહેરાત કરી છે કે, ૨૬મી મેથી શરૂ કરીને એચ૧બી વિઝા ધારકોના પત્નિને વર્કપરમિટ આપવા માટે તે આગળ વધશે. આ હિલચાલથી અમેરિકા પહોંચેલા હજારો ભારતીયોને સીધો ફાયદો થશે. ભારતીય પ્રોફેશનલ લોકોના પત્નિ જે અમેરિકામાં છે પરંતુ કામ કરવાની તક મળી રહી નથી તે લોકોને આ હિલચાલથી ફાયદો થશે. પ્રવર્તમાન કાયદા હેઠળ એચ૧બી વિઝા ધારકોની પત્નિઓને કામ કરવાની તક આપવામાં આવતી નથી. એચ૧બી વિઝા ધારકોમાં ભારતીયોની સંખ્યા સૌથી મોટી છે. યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસ ૨૬મી મેના દિવસે એચ-૧બી વિઝા ધારકોના પત્નિ પાસેથી વર્ક વિઝા માટે અરજી સ્વીકારવાની શરૂઆત કરશે. એક વખતે ફોરમ આઈ-૭૬૫ અને એચ-૪ને યુએસસીઆઈએસ દ્વારા સ્વીકારી લેવામાં આવ્યા બાદ અમેરિકામાં નોકરી કરવા માટેનો માર્ગ મોકળો થશે. ઓબામા વહીવટીતંત્ર આ દિશામાં આગળ વધી રહ્યું છે. યુએસ સિટીઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસને અંદાજ છે કે, આ નિયમ હેઠળ રોજગાર સત્તા માટે અરજી કરનાર વ્યક્તિગતોની સંખ્યા ૧૭૯૬૦૦ની આસપાસ હોઈ શકે છે. આ હિલચાલને લઈને ભારતીય સમુદાયના લોકો ભારે ખુશ દેખાઈ રહ્યા છે.

## સમાચાર ઝલક

- **નળ સરોવરમાં દેશ વિદેશના બે લાખથી વધુ પક્ષીઓનો પડાવ.**
- **વડોદરાના ધારાસભ્યશ્રીને સ્વાઈન ફ્લ્યુને અટકાવવા 'યજ્ઞ' કરાવ્યો.**
- **સૂરતમાં થિયેટરોમાં ફિલ્મ જોવા આવતા પ્રેક્ષકોને માસ્ક મફત આપવા આદેશ.**
- **માર્ચ ૨૦૧૬થી દહેજ-ઘોઘા વચ્ચેની ફેરી સર્વિસ શરૂ થશે.**
- **સૂરત રેલવે સ્ટેશને સિક્યુરીટી ગાર્ડનો ગન સહિતનો સામાન ચોરાયો.**
- **રાજપીપળામાં ભરચક વિસ્તારમાંથી એટીએમ તોડવાનો પ્રયાસ.**
- **રિલાયન્સના શ્રી મુકેશ અનિલ અંબાણીના બનેવી અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી ભદ્રશ્યામ કોઠારીનું ૫૩ વર્ષની ઉંમરે અવસાન થયું.**
- **વાંકાનેરમાં પત્નિને જીવતી સળગાવી મારતો પતિ.**
- **મિલકતની માહિતી જાહેર થાય તો મારા જીવન પર ખતરો-શ્રીમતી પ્રિયંકા ગાંધી વાઢેરા.**
- **પશ્ચિમ બંગાળમાં ભાજપની ઓફીસ આગથી ભસ્મીભૂત.**
- **દુબઈના જુમેરિયા વિસ્તારમાં આકાશમાંથી વરસ્યા કરોડો રૂપિયા.**
- **ખેલાડીઓને વધુ પડતી પ્રેકટીસનો બોજ ના નાંખવો જોઈએ - સચિન તેંડુલકર.**
- **પંજાબના પૂર્વ મુખ્યમંત્રીના હત્યારાની બેંગકોકમાં ધરપકડ.**
- **યુએનમાં કાયમી સભ્યપદ માટે ભારતને ઓબામાનો ટેકો.**